**ઊંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ. ઊંઝા.**

**ક્રિમી. પરચુ. અરજ નં.૪૯/૨૦૨૬.**

**આંક–૧ ની અરજ અન્વયે હુકમઃ–**

૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર પટેલ લવકુમાર દિપકભાઈનો જન્મ તારીખ ૧૫/૧૦/૨૦૦૦ ના રોજ મોજે ઊંઝા, તા. ઊંઝા, જી. મહેસાણા મુકામે થયેલો અને તે મુજબ જન્મ અંગે સબ રજીસ્ટ્રાર, ઊંઝા નગરપાલિકા, તા. ઊંઝા, જી. મહેસાણાના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક–૨૬૧૭ થી તારીખ ૨૦/૧૦/૨૦૦૦ ના રોજ નોંધણી કરાવેલી. અરજદારની રજૂઆત છે કે, તેમણે ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરતાં સ્કૂલ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં તેઓના નામના કોલમ નં.૫ માં જન્મ તારીખ "૧૫/૦૮/૨૦૦૦" મુજબ તથા કોલમ નં.૪ માં જન્મ સ્થળ "JAGANATHPURA,NATIVE–JAGANATHPURA,TA.UNJHA" મુજબ લખાયેલ હોવાનું જણાઈ આવેલ, જે ખોટુ છે. અરજદારના જન્મના પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબની જન્મ તારીખ "૧૫/૧૦/૨૦૦૦" તથા જન્મ સ્થળ "શારદા હોસ્પીટલ,ઊંઝા" મુજબ સાચું છે. જેથી અરજદારના સ્કૂલના તેમજ અન્ય ડૉક્યુમેન્ટમાં જન્મ સ્થળ તથા જન્મ તારીખમાં વિસંગતતા સ્પષ્ટ જણાઈ આવતી હોઈ તેમજ ભવિષ્યમાં સરકારી તથા અર્ધ સરકારી કચેરીમાં કાર્યવાહી કરવા તેમજ પાસપોર્ટ, વિઝાના કામે શાળા છોડયાનું પ્રમાણપત્ર આપવાનું થાય તેમ હોઈ અને તે દસ્તાવેજોની ખરાઈ કરતાં તેમની જન્મ તારીખમાં તથા જન્મ સ્થળમાં તફાવત જોવા મળે તેમ હોઈ, જેથી અરજદારના જન્મના પ્રમાણપત્ર મુજબની જન્મ તારીખ "૧૫/૧૦/૨૦૦૦" તથા જન્મ સ્થળ "શારદા હોસ્પીટલ,ઊંઝા" જે સાચુ હોઈ, એ મુજબનો સુધારો કરાવવા માટે ગુજરાત સેકન્ડરી એજયુકેશન ૧૯૭૪, કલોઝ–૬, રેગ્યુલેશન–૧૨(એ) મુજબ હાલની અરજ રજૂ કરી અરજીમાં જણાવ્યા મુજબની

દાદ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

૨) અરજદારની અરજીના સંદર્ભમાં સામાવાળાને નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ છે. અરજદારે તેમની અરજીના સમર્થનમાં સોગંદનામું રજૂ કરી અરજીની હકીકતોને સંપૂર્ણપણે પુષ્ટી આપેલ છે. આ કામે અરજીના સમર્થનમાં સામાવાળા નં.૧ તરફે ક્રિષ્નાબેન નરસીદાસ પટેલ સર્વોદય હાઈસ્કુલ કહોડા, તા.ઊંઝા, જી. મહેસાણા ખાતે સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ જીવણભાઈ દેસાઈનાઓએ આંક–૦૬ થી સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. તેઓએ તેમની જુબાની દરમિયાન આંક–૦૭ થી શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ રજૂ કરેલ છે અને માર્ક ૩/૨ થી રજૂ અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્ર (એલ.સી.) ની ખરી નકલમાં સહી તથા સ્કૂલનો સિક્કો ઓળખી બતાવેલ છે. જે દસ્તાવેજો વંચાણે લેતાં તેમાં અરજદારનું જન્મ સ્થળ "JAGANATHPURA,NATIVE–JAGANATHPURA,TA.UNJHA" તથા જન્મ તારીખ "૧૫/૦૮/૨૦૦૦" મુજબ લખવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે.

૩) હાલના કામે સામાવાળા નં.૨ તરફે આંક–૦૮ થી પટેલ વિષ્ણુભાઈ મણીલાલનાઓનું સરતપાસનું સોગંદનામુ રજૂ થયેલ અને તેઓ છેલ્લા છ માસથી જન્મ–મરણ સબરજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવી તેમની જુબાની દરમિયાન જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ આંક–૦૯ થી રજૂ કરેલ છે અને તેમની જુબાની દરમિયાન અરજદારને ઈસ્યુ કરવામાં આવેલ માર્ક–૩/૧ થી રજૂ જન્મના પ્રમાણપત્રની ખરી નકલમાં સહી તથા કચેરીનો સિક્કો ઓળખી બતાવેલ છે. જે જન્મનું પ્રમાણપત્ર તથા જન્મ રજીસ્ટરનો ઉતારો વંચાણે લેવામાં આવે તો તેમાં જન્મનાર અરજદારના પુત્રનું જન્મ સ્થળ "શારદા હોસ્પીટલ,ઊંઝા" તથા જન્મ તારીખ "૧૫/૧૦/૨૦૦૦" મુજબ દર્શાવવામાં આવેલ છે તે જોઈ શકાય છે.

આમ, ઊંઝા નગરપાલિકાના કર્મચારી દ્વારા રજૂ કરેલ જન્મનું રેકર્ડ તથા રજૂ થયેલા શાળાના રેકર્ડની સરખામણી કરતાં અરજદારના જન્મ સ્થળમાં તથા જન્મ તારીખમાં મહત્વનો ફેરફાર હોવાની સાબિતિ મળે છે.

૪).. વધુમાં, અરજદારે આંક–૦૪ થી સોગંદ ઉપરની જુબાની આપી આંક–૧ ની અરજીની હકીકતોને સંપૂર્ણપણે પુષ્ટી આપેલ છે તેમજ અરજદાર તરફે તેમના માતા સાહેદ પટેલ ભારતીબેન દિપકભાઈએ આંક–૦૫ થી અરજદારની અરજીની હકીકતોને સ્પષ્ટપણે સમર્થન કરેલ છે. જેથી અરજી તથા રજૂ કરેલ દસ્તાવેજોની હકીકતોને નહી માનવાને કોઈ કારણ નથી. ત્યારબાદ, અરજદાર તરફે આંક–૧૦ થી પુરાવા બંધની પુરસીસ રજૂ કરવામાં આવેલ છે. તેમજ, આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે "ઠાકોર નિલેશ શિશીરભાઈ વિરૂદ્ધ ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ"ના કેસમાં આપેલ ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૭, વોલ્યુમ–૩ ના પાના નંબર–૨૨૭૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે, જે ચુકાદામાં વિગતવાર ચર્ચા કર્યા મુજબ અરજદારે અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવાની નામદાર અદાલતને સત્તા પહોંચે છે, જે સદરહું ચુકાદાના પાના નં. ૩ અને પેરા નં. ૩ નો મહત્વનો ભાગ જોતા નિર્દેશિત થાય છે જે નોંધવો જરૂરી જણાતો હોઈ તેમાં નીચે મુજબનો ઉલ્લેખ થયેલો છે.

......this court can always direct the subordinate Court in the state to make necessary inquiry and issue proper certificate in accordance with findings arrived at after the inquiry. In the back ground of the provision stated above , it also appears that the learned Judicial Magistrate of the area can be the proper authority to make such inquiry and issue certificate to the concerned student. The procedure which is being followed for the correction of the birth date in the school record after the pupil has left the school can be also be applied or followed in other matters such as change in the name, cast/religion, place of birth etc.

આમ, ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં આ કામે અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવાની આ અદાલતને સત્તા અને હકૂમત છે તેવું જણાઈ આવે છે.

૫) ઉપરોકત સાહેદોની સોગંદ ઉપરની જુબાનીઓ તથા રજૂ દસ્તાવેજી પુરાવા નજર સમક્ષ રાખતાં જન્મનાર અરજદારના જન્મ સ્થળમાં તથા જન્મ તારીખમાં ફેરફાર અને વિસંગતતા જણાતાં અરજદારે હાલની અરજી કરી શાળાના રેકર્ડમાં નોંધાયેલ નામમાં સુધારો લાવવા માટેની અરજદારે દાદ માંગેલ હોય તેમ જણાઇ આવે છે. અરજદારના જન્મ સ્થળમાં તથા જન્મ તારીખમાં માંગ્યા મુજબનો સુધારો કરાવવામાં ન આવે તો તેમને સરકારી ક્ષેત્રની કામગીરીમાં તેમજ વિદેશમાં જવા વિઝા મેળવવાની કાર્યવાહીમાં તકલીફ અને મુશ્કેલીઓ ઉભી થાય તેમ હોઈ જેથી કરીને તેમની ભવિષ્યની કારકીર્દી ઉપર અસર પડે તેમ છે. આ સંજોગોમાં અરજીમાં માંગ્યા મુજબનો સુધારો કરાવવો આ અદાલતને ઉચિત અને ન્યાયી જણાતુ હોઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. અરજદારની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.

૨. ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન એક્ટ–૧૯૭૪ ની કલમ–૧૨–ક(૬) અન્વયે આથી એવું પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સ્કૂલના રેકર્ડમાં તથા અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં નામના કોલમ નં.૫ માં જન્મ તારીખ "૧૫/૦૮/૨૦૦૦" મુજબ તથા કોલમ નં.૪ માં જન્મ સ્થળ "JAGANATHPURA,NATIVE–JAGANATHPURA,TA.UNJHA" મુજબ ખોટુ લખાયેલ હોવાનું જણાઈ આવે છે. તેના બદલે ઊંઝા નગરપાલિકા કચેરીના દફતરે અરજદારનું જન્મ સ્થળ અને જન્મ તારીખ

લખાયેલ છે તે મુજબનું જન્મ સ્થળ "શારદા હોસ્પિટલ,ઊંઝા" તથા જન્મ તારીખ "૧૫/૧૦/૨૦૦૦" મુજબ સુધારો કરી નવું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કાઢી આપવું.

૩. આ કામના જે તે સ્કૂલ સત્તાવાળાઓને હુકમની એક નકલ યાદી સાથે મોકલી આપવી.

૪. જો સુધારો કરાવનાર વ્યક્તિનો સુધારો કોઈ પણ અન્ય કારણોસર ખોટો જણાઈ આવ્યેથી આ હુકમ આપોઆપ રદ્દ ગણાશે.

૫. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૭મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૭/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.